**કોટડાસાંગાણીના મહે. જયુડીશ્યલ મેજી. સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામ:-કોટડાસાંગાણી,જી.રાજકોટ.**

**ફોજદારી કેસ નંબર : ૨૭/૨૦૨૬**
**આંક : ૦૯**

**Bureau of Indian Standards,**
**Through. Shri Shubham**
**Scientist B, Bureau of Indian Standards,**
**Rajkot Branch Office,**
**Age : Adult, Occupation : Service,**
**Address : Opp. Crystal Mall, Kalawad Road, Rajkot. ::::: ફરીયાદી**

**::: વિરૂધ્ધ :::**

1. **M/S Gayatri Plastic Industries**
   **A Partnership Firm under provisions of Partnership Act**

2. **Atulkumar Hirjibhai Rajkotia**
   **Incharge and Partner, M/S Gayatri Plastic Industries**
   **Hindu, Adult**

3. **Mansukhbhai Hirjibhai Rajkotiya**
   **Partner, M/S Gayatri Plastic Industries**
   **Hindu, Adult**

4. **Hirjibhai Devrajbhai Rajkotiya**
   **Partner, M/S Gayatri Plastic Industries**
   **Hindu, Adult**
   Address : Survey No.245, Plot No.4, Repute Food Gate,
   Shapar(Verava), Ta.Kotda Sangani, Dist. Rajkot.
   Resident Address of No. 2: 801, Royal Mention, Tapas Society-2,
   Behind SBI, Nana Mava Main Road, Rajkot. **::::: આરોપીઓ**

**ગુન્હો :- COMPLAINT UNDER SECTION 223 OF THE BHARTIYA NAGRIK SURAKSHA SANHITA, 2023 READ WITH SECTION 17 OF THE BUREAU OF INDIAN STANDARDS ACT, 2016 FOR PROSECUTING AND PUNISHING THE ACCUSED COMPANY AND RESPONSIBLE PERSONS FOR VIOLATIONS OF BIS ACT, 2016.**

**ફરીયાદ પક્ષે વિધ્વાન વકીલશ્રી એ.વાય.શાહ.**
**આરોપીપક્ષે વિધ્વાન વકીલશ્રી – આરોપી નં.૧ થી ૪ જાતે.**

**:: હુકમ ::**

(૧)... તા.૦૭/૧૧/૨૦૨૫ ના રોજ પેઢીના જવાબદાર વ્યકિત આરોપી નં.ર ની હાજરીમાં ફરીયાદી બ્યુરોના ઈન્વેસ્ટીગેશન ટીમે આરોપી પેઢીને પેઢી ખાતે રેઈડ કરતાં અને કલમ

૨૮ મુજબ સર્ચ અને સીઝરી કાર્યવાહી કરતા ફાઈબર રોપ્સ આઈ.એસ.આઈ. ના માર્કા વગરનો મુદ્દામાલ જથ્થો સીઝ કરવામાં આવેલો. સીઝર મેમો અને સુપરદાદી મેમો તૈયાર કરવામા આવેલો જેના આધારે બ્યુરોના ઓથોરાઈઝ ઓફીસરની ઓથોરીટીના આધારે ફરીયાદીએ આરોપી વીરુધ્ધ બી.આઈ.એસ. એકટની કલમ–૧૭ અને ૨૬ ના ભંગ બદલ બી.આઈ.એસ.ની કલમ–૨૯ ની શિક્ષાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવા તથા જપ્ત કરેલો મુદ્દામાલનો જથ્થો ફોરફીટ કરવા હાલની ફરીયાદ બી.આઈ.એસ. એકટની કલમ–૧૭ અને ૨૬ ના ભંગ બદલ બી.આઈ.એસ.ની કલમ–૨૯ હેઠળના શિક્ષાપાત્ર ગુન્હા માટે દાખલ કરેલ છે.

(૨) સદર કામે આરોપીઓને સમન્સ બજતા આરોપીઓએ કેસ પેપર્સની નકલ વીના મુલ્યે આપવામાં આવેલ છે.આરોપીઓએ હાજર થઈ આંક–૦૪ થી તેમનો પ્રથમ ગુન્હો હોય, કાયદાની અજ્ઞાનતા, અજાણતા વશ ગુન્હો થયેલ હોય ફરી વખત આવો ગુન્હો ન થાય તેની કાળજી લઈશુ અને કાયદામાં જોગવાઈ મુજબ ઓછા ઓછા દંડ કરવા તેમની આર્થિક પરિસ્થિતિને ધ્યાને લેતા જાહેરાત કરેલ છે. સીઝ કરવામાં આવેલો અને કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ બી.આઈ.એસ.ને ફોરફીટ કરવામાં આવે તો તેમને વાંધો નથી તે મતલબની કબુલાત પુરસીસ રજુ કરેલ છે. આંક–૦૫ થી આંક–૦૮ સુધી આરોપીઓની પ્લી લેવામાં આવેલ છે જેમાં પણ તેમણે ગુન્હો કબુલ કરેલ હોવાનું જણાવેલ છે.

(૩) આરોપોઓ સામે આક્ષેપીત ગુન્હાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, બી.આઈ.એસ.એકટ ૨૦૧૬ ની કલમ–૨૯ હેઠળ કલમ–૨૬ ના ભંગ બદલ ૫ લાખ સુધીના દંડની જોગવાઈ છે. કલમ ૧૭ ના ભંગ બદલ બે વર્ષ સુધીની સજા અથવા ફાઈન જે ઓછામાં ઓછા બે લાખ સુધી પ્રથમ ગુન્હાના ભંગ બદલ અને કબ્જે કરાવેલા જથ્થાના દસ ગણા સુધીના દંડની જોગવાઈ છે. હાલના કામે આરોપીઓએ આંક–૪ થી જે પુરસીસ આપેલ છે તે ધ્યાને લેવામાં આવે તો, તથા આજરોજ ફરીયાદીના વિ.વ.શ્રી કોર્ટ રૂબરૂ જાતે હાજર રહેલા અને તેમણે પણ સાંભળવામાં આવેલ છે. તેમની રજુઆતોને ધ્યાને લેતાં આરોપી પેઢી અને આરોપીઓ સામે પ્રથમ ગુન્હો છે આરોપી પેઢીએ કાયદાની અજ્ઞાનતામાં ગુન્હો કરેલ છે.

વધુમાં કાયદામાં સદરહું ગુન્હો સમાધાન લાયક છે કેસ દાખલ થયા બાદ પણ ફરીયાદપક્ષ આમા સામાધાન કરી શકે છે આ તમામ હકીકત ધ્યાને લેતાં કાયદામાં નિર્દિષ્ટ દંડની સજા કરવી ન્યાયોચીત જણાય છે. જયારે આરોપીઓ સ્વૈચ્છાએ ગુન્હો કબુલ કરતા હોય ત્યારે તેને સુધરવાની તક મળી રહે તે પણ ન્યાયોચીત છે. જેથી તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઈ આરોપીને કાયદામાં નિર્દિષ્ટ ઓછામાં ઓછી દંડની સજા કરવી ન્યાયોચીત જણાય છે અને જયારે આરોપીઓ સામેથી જે મુદ્દામાલ છે તે ફોરફીટ કરવા સંમતિ આપી રહયા હોય તે પણ બ્યુરોને ફોરફીટ કરવો ન્યાયોચીત જણાતો હોય, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**–:: હુકમ ::–**

– આ કામના આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ–ર૭પ મુજબ બી.આઈ.એસ.ર૦૧૬ ની કલમ ૧૭ અને ર૬ ના ભંગ બદલ બી.આઈ.એસ. એકટની કલમ–ર૯ ના ભંગ બદલ તકસીરવાન ઠરાવવામાં આવે છે દરેક આરોપીઓને ગુન્હો કરવા બદલ રૂપિયા ર,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પુરા) નો દંડ કરવામાં આવે છે જો આરોપીઓ દંડ ન ભરે તો દિન–૩૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. **(કુલ દંડ રૂા. ર,૦૦,૦૦૦× ૪ = ૮,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા આઠ લાખ પુરા)**

– આ કામે કબ્જે લેવામાં આવેલા સીઝર મેમોના તથા સુપરદારી મેમોના જે આ કામે નિશાની ૩/૬ તથા નિશાની ૩/૭ થી રજુ થયેલ છે તે તમામ મુદ્દામાલ બી.આઈ.એસ. એકટની કલમ–૩ર(૪) ની જોગવાઈ મુજબ બ્યુરોને ફોરફીટ (forfeit) કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૧૯મી, માંહે : ફેબ્રુઆરી, સને : ર૦ર૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : કોટડાસાંગાણી
તારીખ : ૧૯/૦ર/ર૦ર૬.

**(ઋત્વિજ ફાલ્ગુનભાઈ ત્રિવેદી)**
જયુ.મેજી.ફ.ક., કોટડાસાંગાણી.
**U.I.C. NO.GJ01748**